સરદાર વિજય

નાટકનાં ગાયનો.

શ્રી સરદાર વિજય નાટક કંપની.

બાલાસીનોર.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦

સને ૧૯૨૩

કીંમત રૂ. ૦-૪-૦.

૧૦૯૩૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १०१३० वर्गांक

पुस्तकनु नाम [illegible] વિજય

विषय [illegible]

શ્રી

સરદાર વિજય

નાટકનાં ગાયનો.

પ્રયોજક તથા પ્રકાશક,

નૈયર.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦.

સને ૧૯૨૩ સંવત ૧૯૮૦.

કીંમત રૂ. ૦-૪-૦.

કર્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ સંગ્રહ

અમદાવાદ—ધી ડાયમડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમા,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યુ અને શ્રી સરદાર વિજય નાટક કંપની
તરફથી એચ. એચ ધી નવાબ સાહેબ ઓફ બાલાસીનોરે પ્રસિદ્ધ કર્યું.
મુ બાલાસીનોર.

ટુંકું ને ટચ (સારાંશ.)

ચાલુ જમાનાના કેટલા એક અધિકારીઓ પોતાનો નીચ સ્વાર્થ સાધવા રાજા મહારાજાઓની ભોળાઇનો લાભ લઇ પોતપોતાની પાર્ટી જમાવી ઉત્તમ પ્રતિષ્ઠિત અમલદારને હેરાન કરવાના ઇરાદાથી પોતે જેનુ નીમક ખાતા હોય એ રાજકુટુબને પણ સુખે રહેવા દેતા નથી. પરિણામે સત્યનો સુર્ય પ્રકાશમા આવતા અંધકારની માફક એ પાપાત્માઓ અસ્તવ્યસ્ત થઇ જાય છે અને પુણ્યાત્માઓની ઉન્નતી થાય છે કારણ કે સૃષ્ટીનો અનાદિ નીયમ એજ છે જે "સત્યનો જય અને અસત્યનો પરાજય" એ ઉદેષને મુખ્ય રાખી " સરદાર વિજય ' નામનો પ્રયોગ આજે પ્રેક્ષક સમક્ષ રજૂ થાય છે. જન સમાજની સેવા બજાવવાનો આ પણ એક માર્ગ ગણાય છે એમ ધારી બનતી મહેનત કરી છે. છતા શુભાશુભનો ન્યાય આપવો એતો પ્રેક્ષકોનાજ હાથમા છે. પ્રભુ પ્રાણી માત્રને સન્મતી અને ગુણગ્રાહકતા આપો

લી. નેયર.



આપને ત્યાં બાલગોપાલ
છે કે ? હા ?
જગડ આમ જોશો ?
તેમને તમે બાલકોને માટે-
નુ ખાસ નિયમિત સુંદર

સચિત્ર સસ્તુ માસિક

બાલજીવન

વાચવા આપો

નાનુ ભુલકુ હોય, આવડીશી છોકરી હોય નિશાળે જતા નાના મોટા ચેકુઓ હોય પાઠશાળામા ભણુતા છોકરાઓ હોય–ગમે તે હોય –

તે તમામ વાચીને બહુ લાભ મેળવશે હજારો બાલકોનુ **“બાલજીવન”** માનીતુ છે તેને ગુજરાત વિદ્યાપીઠ, કરાચી ને મુબઈની મ્યુનીસીપાલીટીઓ, વડોદરા રાજના પુસ્તકાલય ખાતુ, શાળાખાતુ–તમામે મજુર કર્યું છે

છુટક છ આના, વાર્ષિક રૂા. ૩), પરદેશ રૂ. ૪)

બાલજીવન કાર્યાલય ભાયખળા, મુબઇ ૮

A 3624 Laksmi Art Bombay

શ્રી સરદાર વિજય નાટક.

મુખ્ય પાત્રોના નામ.

પુરૂષ પાત્ર.

વિમળસીંહ—પ્રેમનગરના મહારાજા
વિજયસીંહ—વિમળસીંહના પાટવી કુમાર
પ્રેમસીંહ—શ્રીનગરના મહારાજા.
સુષેણ—વિમળસીંહના પ્રધાન.
માણેકલાલ—પ્રેમસીંહનો પ્રધાન
લંપટરાય—પ્રેમનગરનો ખટપટી નાયબ દીવાન
જડરાય—ન્યાયાધિશ લંપટરાયની ટોળીનો મેમ્બર.
નખોદરાય—રેવન્યુ અધિકારી લંપટરાયની ટોળીનો માણસ.
ઝેરીસીંહ—સેનાધિપતી લંપટરાયનો મીત્ર
કાળચંદ—તીજોરી ઓફીસર લંપટરાયનો વીશ્વાસુ
રામજી—એક લાલચુખવાસ લંપટરાયનો કલાગરો નોકર છબીલીનો ધણી.
વાઘજી } કુમાર વિજયસીંહને દારૂની લતે ચઢાવનાર
પ્રાગજી } ખુશામતિઆ ખવાસો
ઉપરાન્ત રાજાઓ સરદારો ગૃહસ્થો પોલીસ પ્રતિહાર ચોબ-દાર તથા કસરતી નાચના છોકરાઓ વીગેરે.

સ્ત્રી પાત્ર.

દેવીઓ—દૈવી શક્તિઓ.

કુસુમાવતી—વિમળસીંહની રાણી અને કુમાર વિજયસીં-
હની ઓરમાન માતા.

સરદારબા—પ્રેમસીંહની કુંવરી. પાછળથી વિજયસીંહની
અર્ધાંગના.

છબીલી—રામજીની વ્યભિચારીણી અને ખટપટી ઓરત.

ચંપા }
કેસર } સરદારબાની સખીઓ

ઉપરાત દાશીઓ કંચનીઓ વગેરે.

શ્રી સરદાર વિજય નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

દેવીઓના મુખથી. મંગળ સ્તવન થઈ રહ્યા બાદ

પ્રવેશ ૧ લો—સ્થળ-(પ્રેમ નગરમાં મહારાજા વિમળસીહના રાજ્યાભીષેકનો દરબાર) દરબારીઓનું મહારાજા પ્રત્યે ઉત્તમ ભાવનામય સગીત, મર્હુમ મહારાજાના વખતના વૃદ્ધ અને વફાદાર પ્રધાન સુષેણનુ સમયાનુસાર ભાષણ, મહારાજાના ઉત્તમ ઉદગાર, સુષેણે મહારાજાને સભળાવેલા હિતવચનો, બન્નેનુ શુભાસીત, મહારાજાએ વૃદ્ધ અમાત્યનો માનેલો ઉપકાર, સુષેણે આપેલો આશીરવાદ, બાદ નૃત્ય ગાન.

પ્રવેશ ૨ જો-સ્થળ—(લંપટરાયનુ મકાન)—રાજ્યાભિષેકના દરબાર વખતે મહારાજાનો સુષેણ તરફ અત્યત સદભાવ જોઇ ઇરસાથી આકુળ વ્યાકુળ બની ગયેલા અધમ અધિકારી લપટરાયનો બળાપો, રામજીનું છુપી રીતે આવી હાસ્ય જમાવવુ, પાછળથી જાહેર થઇ લપટરાયના માર્ગમા કટકરૂપ સુષેણને ઉખેડવાની ખટપટમા પૈસાની લાલચે સામેલ થવુ, લપટરાયની ટોળીના અમલદારોનું આવવુ, અને ધારેલ કાર્યમા ફતેહમદ થવા મહારાણી કુમમાવતીને પોતાના પક્ષમા મેળવવા મત આપવો, લપટરાયે રામજીને દામથી વશ કરી છબીલી મારફત ખટપટની વિકટ મજલ કાપવાની શરૂઆત કરવી.

પ્રવેશ ૩ જો-સ્થળ—(મહારાણી કુસુમાવતીનો મહેલ)
પતિ ભક્તિ પરાયણ મહારાણી કુસુમાવતીનો સખીઓ સાથે રાસ, પતિને પરમેશ્વર તુલ્ય માનનારા મહારાણી સનમુખ છબીલીએ આદરેલો છલ ભેદ, મહારાણીની મક્કમતા, છતાએ છબીલીએ મહારાણી પાસે નાયબ દીવાન વગેરે અમલદારોએ નીસ્વાર્થવૃતીથી " કૃત્રિમ કુવર પેદા કરી કુમાર વિજયસીંહને નાલાયક ઠરાવી રાજ્ય માતા તરીકેનુ સંપુર્ણ માન ભોગવવા " રજૂ કરેલો કપોલ કલપીત પ્રોગરામ, મહારાણીનું ગુસ્સે થવુ, છબીલીએ ગભરાઇ ભાગી છુટવુ

પ્રવેશ ૪ થો-સ્થળ—(લપટરાયનું મકાન) છબીલીને આવતા વિલંબ થવાથી લપટરાયની ચિન્તા તથા દુષ્ટ મનોભાવ, મોકાણના સમાચાર લઇ છબીલીનું આવવુ, પ્રપંચ ખુલ્લો પડી ગયાના ભયથી લપટરાયનું ગભરાવુ, અને ગામ છોડી ભાગી છુટવાનો વિચાર, છબીલીની લાચારી, અને સુજેલો એક વિચિત્ર અધમાધમ માર્ગ, એજ માર્ગે પોતાનું મન ધાર્યું સફળ થવાની લાલચે લપટરાયે છબીલીને હાથે લખાવેલો મહારાણી કુસુમાવતીને નામે કુમાર વિજયસીંહ ઉપર પ્યારનો પત્ર, અને એ પત્ર ગમે તે યુક્તિથી કુમારના ગજવામા મુકી આવવા રામજીને કરેલ ભલામણ, તથા એ યુક્તિને સાંગોપાંગ પાર ઉતારવા કુમારને કુસુમાવતી બા પાસે મોકલવા છબીલીને સમજાવવી, પૈસાની ખાતર નીચ સ્વભાવના ધણીઆણીએ મોતના મહાસાગરમા આંખો મીંચીને ઝંપલાવવુ,

પ્રવેશ ૫ મો-સ્થળ-(કુમાર વિજયસીંહનો ખાનગી અવાસ)
હલકા સ્વભાવના હજુરીઆઓએ કુમાર વિજયસીંહને પ્રસન્ન

કરવા હદ ઉપરાત દારૂ પાવો, રામજીનું આવવુ, કુમારે તેને પણ મદીરાપાન કરાવવુ, અને રામજીના આગ્રહથી પોતે પાન કરી બેભાન બનવું, રામજીએ પેલો બનાવટી પત્ર કુમારના ગજવામા દાખલ કરવો, તુરતજ છબીલીએ આવી "જરૂરી કામ પ્રસંગે બાસાહેબ આપને બોલાવે છે" એમ કુમારને કહેવુ, કુમાર બેચેન હોવાથી પ્રથમ "ના" અને પછી "હા" કહી ગોથા ખાતા જાય છે, કામ ચોક્કસ થવાથી રામજી અને છબીલીનો સતોષ અને રાક્ષસી મહત્વાકાક્ષા.

પ્રવેશ ૬ ઠો-સ્થળ—(મહારાજા વિમળસીંહનો ખાનગી આવાસ)—કુમાર વિજયસીંહની રીતભાત અને ચાલ ચલગત સબંધી ખરી બાતમી મેળવવા બોલાવેલ સુખેણ સાથે મહારાજાની વાતચીત, રાજકાજમા બરાબર ધ્યાન આપતા કુમારમા દારૂ શીવાય એક પણ કુટેવ નહી હોવાનુ સુખેણે જાહેર કરવુ, એ ટેવ છોડાવવા મહારાજાએ સુખેણને ભલામણ કરવી, લપટરાયનું આવવુ, મહારાજાએ તેને પણ કુમાર સંબંધી પુછવુ, મનોરથ સીદ્ધ કરવાનો વગર માગે મોકો મળતા લપટનું સ્વગત ખુશી થવુ, અને મહારાજાના મનમા વહેમ ભરાવવો, તેમજ "કુમાર વ્યભીચારી હોઈ આપની પણ ગામમા નીંદા થાય છે" એમ કહી મહારાજાને ઉશ્કેરવા અને બધો તમાશો નજરો નજર બતાવી આપવા ચેલેંજ કરી તેઓના ક્રોધમા ઉમેરો કરવો, મહારાજાના ભ્રાન્તીમય વીચાર, બન્નેનું મહારાણીના મહેલ તરફ પ્રયાણ.

પ્રવેશ ૭ મો–સ્થળ—(મહારાણી કુસુમાવતીનો મહેલ.)–

પ્રભુ સ્તુતિ કરી. પરવારેના મહારાણી પાસે કુમારે આવી નમન કરવુ, માતાનો આશીર્વાદ, કુમારે જાહેર કરેલી રદ યની બળતરા, તેનું મુખ્ય કારણ મદિરાનો ત્યાગ કરવા માતાએ આપેલો અસાધારણ બોધ, મદીરા છોડતા કુમારને મૃત્યુનો ભય, એ ભય નહિ પણ કેવળ ભ્રાન્તી છે એમ પોતાના પ્યારા પુત્રને માતાએ સચોટ સમજુતી આપવી, દારૂ નહિ પીવાની કુમારે લીધેલી પ્રતિજ્ઞા, મહારાણીનો સતોષ અને પુત્ર પ્રેમ, અચાનક લપટરાયે મહારાજા સનમુખ કરેલો બનાવટી સીનેમા, મહારાજાનો ક્રોધ, માર્મીક વચન બાણનો માર, સતિ કુસુમાવતીએ તથા નિર્દોશ કુમારે સાહસ ન કરવા મહારાજાને આજીજી કર્યા છતા કુમારના ગજવામાથી મહારાજાએ ચીઠ્ઠી કાઢી બન્નેને ધીક્કાર આપવો, રાણીને કેદનું ફરમાન કરી કુમારને પીસ્તોલ મારવી, હાથમા ગોળી લાગવાથી કુમારનું પડી જવુ, લપટનુ ખુશી થવુ

ટેબલો.

૫૮૭૪

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો-સ્થળ—(પ્રેમ નગરનો જૂનો કીલ્લો.)— પ્રભુની માયાનુ વર્ણન કરતા અને દુખ સાગરમા ડુબેલા મહારાણી કુસુમાવતીની સભાળ લેવા સત્યપ્રિય પ્રધાન સુષેણનું આવવુ, મહારાણીને કુમારની ચિન્તા, કુમારની હયાતી જણાવી પ્રધાને મહારાણીને આપેલુ આસવાસન મહારાણીએ કુમાર પાસેથી નિકળેની બનાવટી ચીઠ્ઠી તથા છબીલી અને લપટરાયે કૃત્રીમ કુવર પેદા કરી કુમાર વિજયસીંહનો રાજ્ય હક્ક નાબુદ કરવા રચેલ કાવત્રાની સવીસ્તર હકીગત સુષેણ આગળ જાહેર કરવી, પ્રધાને મહારાજા પાસે એ સઘળો પ્રપચ ખુલ્લો પાડી મહારાણીને મુક્ત કરાવવા હામ ભીડવી, રામજી સાથે લપટરાયનુ આવવુ, અને સુષેણને ફસાવવા હુમલો કરવો, ઝપાઝપી મહારાણીને હાથે લપટનુ અને દાસીને હાથે રામજીનું પરાસ્ત થવુ

ટેબલો.

પ્રવેશ ૨ જો-સ્થળ-(શ્રીનગરના રાજા પ્રેમસીંહનો ખાનગી આવાસ.)—પ્રેમસીંહે શીકાર વખતે પોતાને પ્રાણદાન આપનાર કુમાર વિજયસીંહનો આભાર માનવો, કુમારે કેટલાએક વિનય વાક્યો કહી કપટી કારભારી મડળના ઉસકેરવાથી મહારાજા વિમળસીંહ તરફથી પોતાને મળેના અન્યાયનુ વર્ણન કરવુ, પ્રેમસીંહે તેમને ઉચિત આસ્વાસન આપી કામ પ્રસંગે વિદાય થવુ, પાછળથી રાજકુમારી સરદારમાનું

સખીઓ સાથે આવવુ, અને પોતાના પીતાશ્રીના રૂમમા અજાણ્યા માણુસને જોઇ આશ્ચર્યચકિત થવુ, કુમારનું તથા સરદારબાનુ મધુર સ્વાદ, પુર્વાનુરાગ, પુન સમાગમનો સંકેત કરી પ્રેમી જોડાનું જુદુ પડવુ.

પ્રવેશ ૩ જો-સ્થળ—(લપટરાયનુ મકાન.)—રામજી સાથે લંપટની આત્મ પ્રસશા, ટોળીના મેમ્બરોનુ આવવુ, છળ કપટ ભરેલી મસલત, કુમાર, મહારાણી, તથા સુષેણને પાયમાલ કરી મહારાજાને પોતાના કાબૂમા લેવા લપટરાયનો નિશ્ચય, મહારાજા વિમળસીંહના નામે શ્રી નગરના મહારાજા પ્રેમસીંહ ઉપર એક બનાવટી કાગળ લખી-રામજીને શ્રીનગર તરફ રવાના કરવો, અને માર્ગમાજ કુંમારનો ઘાટ ઘડી નાખવા ભલામણ કરવી

પ્રવેશ ૪ થો-સ્થળ—(શ્રીનગરમાં રાજકુમારી સરદારબાનો બગીચો)—પ્રેમમા પરવશ બનેના કુમાર વિજયસીંહની પ્રેમાતુર દશા, સખીઓ સાથે સરદારબાનુ આવવુ, માર્મિક વાકવિનોદ, સ્નેહીનો સમાગમ, શૃગાર ચેષ્ટા, સખીઓનો સતોષ, અને બન્ને પ્રેમીઓને લગ્નની પવીત્ર ગાઠથી બધાવવામા સહાયક થવાનો દઢ સકલ્પ, પ્રેમમા રસબસ થઈ રાજવંશી જોડલાનુ જુદુ પડવુ

પ્રવેશ ૫ મો-સ્થળ—(શ્રી નગરમાં પ્રેમસીંહનો અવાસ.) પ્રેમસીંહ તથા માણેકલાલ વચ્ચે કુમાર વિજયસીંહ સબંધી ભલા વિચાર, તેઓએ મહારાજા વીમળસીંહ ઉપર લખેલો પત્ર, પોતાના કુંવરી સરદારબાના કુમાર વિજયસીંહ સાથે લગ્ન કરી

ઉપકારને યત્કિંચિત બદલો વાળવા પ્રેમસીહનો નિશ્ચય, દિવાન માણેકલાલની સહાનુભૂતી, વિજયસીહનૂ આવવુ, જન્મભૂમીના સ્મરણ તથા સ્તુતિ સાથે પિતાશ્રીના ખટપટી ગજનત્રથી ખિન્ન થવુ, લપટરાય તરફનો બનાવટી કાગળ લઇ રામજીનુ આવવુ, કાગળ વાચ્યા છતા જ્યા લગી પ્રેમનગરમા ખટપટનો અંત ન આવે ત્યા સુધી કુમારને ત્યા નહી મોકનવા પ્રેમસીંહની માન્યતા, હરામી રામજીના હૃદયનો ભય, કુમાર પાસે પ્રેમસીંહે જણાવેલો લગ્ન સબંધી વીચાર, કુમારે માનેલો ઉપકાર

પ્રવેશ ૬ ઠો–સ્થળ—(પ્રેમ નગરમાં મહારાજા વિમળસીહનો મહેલ.) ભોળી પ્રકૃતીને લીધે ભ્રમિત થએલા મહારાજા વિમળસીહે પ્રધાન સુષેણને કુમાર વિજયસીહ સબંધી હકીકત પુછતા પ્રધાને એ બાબતમા પોતે કાઇ નથી જાણતા એમ કહેવુ, શ્રીનગરના દીવાન માણેકલાલે આવી ત્યાના રાજા પ્રેમસીંહે આપેલ પત્ર રજૂ કરવો, પોતાના રાજતંત્રની અવ્યવસ્થિત સ્થિતીને લીધે દુનીયામા થતી અપકીર્તિથી વિહવળ બનેલા મહારાજા વિમળસીહે સુષેણને સત્ય હકીકત સમજાવવા વિજ્ઞપ્તિ કરવી, સુષેણે લપટરાય વીગરેના પ્રપચ ખુલ્લા પાડવા, વીમળસીંહે ક્રોધાયમાન થઇ રામજી તથા છબીલીને બોલાવવા, એ બન્નેની સાચી જુબાનીથી સુષેણે કહેલી વાતને પુષ્ટી મળતા મહારાજાએ જડરાય વીગેરેને બોલાવીને તેમના કૃત્યોને ધિક્કારી સર્વને હદ પાર કરવા, અને લપટરાયને ફાસીની શિક્ષા ફરમાવવી, લપટે મહારાજા તરફ પીસ્તોલ છોડવી, મહારાજાનું બચી જવું અને સુષેણને હાથે લપટનુ મોત.

(ટેબ્લો)

અંક ૩ ત્રીજો.

પ્રવેશ ૧ લો-સ્થળ—(શ્રી નગરમાં લગ્ન મંડપ.) સરદારબાના લગ્ન પ્રસંગે સખીઓ તથા દાસીઓનું આશીરર્વાદાત્મક મંગળગાન, માણેકલાલનું સુષેણ સાથે આવવું અને તેઓએ ખટપટી મંડળના વિનાશથી પ્રેમનગરની નીરૂપ્રદ્રવતા પ્રેમસીંહ પાસે નિવેદન કરવી, પ્રેમસીંહની પ્રસન્નતા, સુષેણે માનેલો પ્રેમસીંહનો આભાર, પરસ્પર વિવેક, સુષેણે વિદાય માગવી, પોતાના પ્રિય પુત્રિને આંખથી અલગ કરતા પ્રેમસીંહની દિલગીરી, અને સહુને પ્રેમનગર જવા અનુમતિ, શ્રીનગરના દરબારીઓનો સંતોષ તથા આશીર્વાદ.

પ્રવેશ ૨ જો-સ્થળ-(જંગલ.) સુખ વૈભવોનું સત્યાનાસ વળી જતા જંગલમાં હેરાન થતા જડરાય વીગેરેની હાયવોય અને એક બીજામાં અક્કલની ખામી શોધતાં એ અધમ અધિકારીઓને રામજીએ મારેલા તાના, છબીલી તથા રામજીનો રમૂજી સ્વાદ, શ્રી નગરથી આવતા રાજ્ય કુટુંબને રંજાડવા જડરાયનો વિચાર, રામજીની હાજરીથી પાછો પ્રપંચ ખુલ્લો પડી જવાનો ભય, અને એ બન્નેને ઝાડ સાથે બાંધી મોઢે ડુચા મારી પ્રપંચી ટોળીનું પાસેની ઝાડીમાં નાસતા પાણી માટે જવું, કુમાર વીજયસીંહ વીગેરેનું આવવું, રામજી તથા છબીલીની ભયંકર સ્થિતી જોઇ કુમારે એ બંનેને બંધનથી મુક્ત કરવા, અને તેમ થવાની હકીકત પુછવી, રામજી તથા છબીલીએ કુમાર પાસે પોતાના બચાવનો વિશ્વાસ

મેળવી જડરાય વીગેરેના દુષ્ટ વિચારો જાહેર કરવા, પ્રપચી ટોળીનો અચાનક હુમલો, કુમાર વિજયસીંહે એ મર્વેને એજ વખતે આપેલી દેહાન્તની સીક્ષા

પ્રવેશ ૩ જો–સ્થળ–(પ્રેમનગરમાં સરદારબાનો મહેલ) સત્યનો વિજય અને સ્નેહીઓના સમાગમથી સખીઓનો આનદ તથા આશીર્વાદ, સરદારબાએ સખીઓની ભલી ભાવનાનો માનેલો ઉપકાર, પરસ્પર હાસ્ય વિનોદ, કુમાર વિજયસીંહ અને સરદારબાનો પ્રેમપુર્ણ રમીક સ્વાદ, માતપીતાનુ મીલન, મહારાજાએ માગેલી દોષની માફી તથા કરેલો પશ્ચાતાપ, અનેક વિટમ્બણાઓને લઇ મહારાજા વિમળસીંહના મનનું સંસાર તરફ વીતરાગી થવુ, સુબેગે આપેલુ આસ્વાસન, અંતે કુમાર વિજયસીંહને રાજગાદી આપવાનો નિશ્ચય કરી મહારાજાએ પ્રભુભજનમા પ્રવર્ત થવૂ, આદર્શ રમણી સરદારબાને પ્રસન્ન કરવા કુમાર વિજયસીંહના પ્રયત્નો, સદ્ગુણી સરદારબાનો સતોષી સ્વભાવ, હૃદયની એકતાથી મળતા અપુર્વ સસાર સુખનું એક સર્વોત્તમ દ્રશ્ય

પ્રવેશ ૪ થો—સ્થળ–(રામજીનું ઘર) છબીલી તથા રામજીનો જાતી સ્વભાવ, રામજીએ પુરૂષ વર્ગની તથા છબીલીએ સ્ત્રી વર્ગની પ્રબળતા સિદ્ધ કરવા જમાવેલુ વાણીનું યુદ્ધ, રામજીનો ક્રોધ, છબીલીનું ભરમિત બની રામજીની સેવામા તત્પર થવુ, બન્નેના વિચારની શુદ્ધિ કુમાર વિજયસીંહ તરફથી બન્નેને ફરી રાજકુટુમ્બની સેવામા હાજર થવાનો હુકમ મળતા આનંદ થાવો, રામજીએ માનેલો ઇશ્વરનો ઉપકાર

પ્રવેશ ૫ મો—સ્થળ-(પ્રેમ નગરમાં કુંવર વિજયસીંહના રાજ્યાભિષેકનો દરબાર) મહારાજા વિમળસીંહે કુમાર વિજયસીંહને રાજ્ય ગાદી સોપવિ, માતા પિતાનો આશીર્વાદ મેળવી, વિજયસીંહે મહારાજા તરીકે જાહેર થવુ અને રાજ્ય ભક્ત પ્રધાન શુષેણુને વંશ પરંપરા માટે પ્રધાન પદ આપવુ તથા તેમની અસાધારણ નિમકહલાલીના બદલામા એક ગામ ઇનામ તરીકે આપવાનું જાહેર કરવુ, સુષેણે કહેલા સમયાનુસાર બે બોલ અને રાજ્ય તરફથી મળેલ ઇનામોનો કરેલો માન પુરઃસર સ્વિકાર. પુણ્યાત્માનો જય અને પાપીઓની હાર.

श्री

સરદાર વિજય નાટકનાં ગાયનો.

મંગળ સ્તવન.

દેવીઓ— ૧

આ ભવસાગરમા આધાર, અમને ત્હારો આપ વદુ વિધાત,
મગલ દાતા ગુણુ સહુ ગાતા ત્રિભૂવન ત્રાતા;
તું કાપ ત્રય તાપ જગબાપ,
દુસ્તર માયા રૂપી જલ છે અતિ ઓ;
ભલના ભ્રાતા......
ચરણુ શરણુ વ્યાધી હરણુ ખાસ તુંજ,
સુખદ પરમ લાગે શ્રી પતિ.

દરબારીઓ— ૨

કાયમ રેજો રાજ મુકુટ શિરપર સદા ચારૂ પ્રેમ નગરે ..
તપજો તખત મહારાજા પ્રેમે પાળી પ્રજા,
વિમળ કૃતિથી પામો ખ્યાતિ ખલકે,
લેજો જય ભય ટાળી વિનતિ સુણો વનમાળી.
જગના કર્તા અને હર્તા;
અજર અમર સચર અચર વ્યાપી જે રહ્યા,
દેવ એ દેજો અમિત આયુ.

સંપટરાય-છબીલી— ૩

ધરી હામ કરૂ તમ કામ જૂગતિથી ઝટપટ જઈ,
નૃપ ધામ જુગતિથી ઝટપટ જઈ,
કહ્યુ ભુલી નહિ જાઉં, સમખાઉં, બન હાઉં,
દામ સુખદ ધનશ્યામ-હા-હા.
દમ દિલાસા દઇ ભોળી રાણીને ભરમાવુ,
કોઈથી થાય નહી કૃતિ એવી હું કરી આવુ,
તન મન ધન અર્પીશ તુજને,
કરીને કામ મગ મુજને,
ખનન ખનન રૂપીઆ ખટાવો લાડલડાવો કનકે મઢાવો-હા.

કુસુમાવતી દાસીઓ— ૪

જ્યોતિ પ્રેમની જાગેરે રાગે ભય તમામ ભાગે,
પતિએ શબ્દ પ્યારો હરેજે વ્યાધિ હજારો,
એ ઉચ્ચાર સતી ગણે સારો,
પ્રભુસમ એને સમજી સેવા અમે હમેશા કરીએ,
કરીએ તો તરીએ નહિ તો પડીએ કુભી પાકમા.
જેની હોયે કરણી સારી એ શ્યામા,
પામશે યશનામી સ્વામી

કુસુમાવતી-છબીલી— ૫

અરે મુઇ જારે તુ જા.
દૂર થા ઓ રાડ દિવાની,
હસુછુ હુતો જરી ત્સા તો ખરી આપે શુ માની

બદી વદી ફુરમા ખટપટ કરમા વિણુ મોતે મરમા,
છે શરમ કરમ પરમ નરમ આ ત્હારા નથી સારા,
હત્યારા રે ..

અધમ કુધ્રમ પગ્ગઇ ધરમ રહિત કયમ થઇ,
હલકટ કરી તરકટ એ નફ્ફટ છે ફટ ફટ,
જા મરી જા ટળી

હુ ડરી ડરી જાઉં મરી બાઇ આ હૃદય થડકતુ,
ભયથી ભડકતુ અરરરરરર હુ પાપી બસ મારી,
ઘો આપીરે

લંપટ-રામજી-છબીલી— ૬

પ્રિતિની રીતિનુ એવુ પ્રમાણુ છે,
પ્રેમીના પ્રાણુ છે સદગુણુની ખાણુ છે,
જાણે કોઇ બહુ લોકો અજાણુ છે.
ભાઇ ભાઇ,

બસ ગુલની કળી મનહરણી મળી;
રસ કાજે દે ચુબન આજે,
સુખી થાજે ત્યા જાજે.
લાજે ના આતો કરે કેવી વાતો,
આ એનો નાતો જુદો બસ જણાતો,
હુ રખડી ખાતો મનમા મુઝાતો,
કેમ,
હા હા હા હા એમ

રામજી-છબીલી— ૭

મને મોતીની માળાનું મન બહુ છે,
લઇ દેશો રસિકવર ક્યારે,
બની ઠની જરા નિકળીએ બહારે,
તમને કહીએ શું વારે વારે;
હાલતો જર જમાવશું અને પછી ઉડાવશું,
કર લ્હેર પ્રિયા તું લ્હારે હઠ છોડ નકામી અત્યારે
વાત ગમો ના લાએ વિચારે વ્હાલા

વિમળસિંહ— ૮

કપુણુ જપુ ના આજે હું,
અક્કલ એ ગોરીની થઇ છે ક્યા ગુમ,
કેવો પાપી છે જમાનો નથિ ગુન્હો આ ન્હાનો
કેવા છે તોફાનો કેવી નાદાની શાણી રાણીની.
નિજ કુમારથી કીધી કુલટાએ યારી,
દારૂમાં ડુલતો દીવાનો ભાન ભુલ્યો;
આંખે જોયા પછી એ અધમોને,
આજને આજ આપુ સજા.

કુસુમાવતી— ૯

જય જય ગિરિધારી માયા તારી ન્યારી,
મુનિયો ન પામે પાર હારે સંસારી;
સ્વર્ગ મૃત્યુ આદિ લોક હારજીન હર્ષ શોક,
જાએ બંદગી માહિ જીન્દગી અમારી.

કુસુમાવતી— ૧૦

આબરૂ ટાળી લૂટે ભલાઈ તજો ભાઈ મદિરા દુ:ખદાઈ,
લાભ ન કાંઇ ભુંડી ભવાંઇ લાગે છે ઉર અંદર લ્હાઈ;
બુદ્ધિ હરે છે શુદ્ધિ હરે છે તન સાથે ધન ક્ષીણ કરે છે,
ના શરમાતા ગોથા ખાતા મૃત્યુના મિજમાન કરે છે.

(અંક પહેલો સમાપ્ત.)

અંક ૨ જો.

કાશી— ૧૧

ઇશ અજાયબ માયા જગમા
તારે પનમા ડુબાડે પલમાં
જે કાલે વૈભવે વિરાજતા
જુઓ આજે હાજર છે જેલમા
માંણી મોજો ઘણી જેણે મ્હેલમા
થયા એ દોષ પાત્ર સ્હેલમા
ભ્રાન્તિ (કેરે) સાગરે ભૂલી ભોળા રાજાજી ભ્રમેલ છે હા
હમણા કર લમણે દઈ રહીએ " નૃપને ખરૂં સમજાવી
ભાવી સન્મતિ આપશે "

કુસુમાવતી— ૧૨

ના આવે આય સાચે કથની ખરીએ
હમણા ક્યાં છે
હુગ હર કપટી ફાવી જાય ફાવી જાયરે—
ક્રૂર કળીએ જમાવ્યુ જગ આખામા જોર
તું પત રાખજે પ્રભુ મ્હારી
આપદથી ઝટ લેજે ઉગારી.
અન્ય કાઇના ઉપાય રે......

વિજયસિંહ-સરદારબા— ૧૩

કરી પ્રેમથી વશ મને આજ અજબ મિજમાન
લોક લાજનું રાજવી ભુલી ગઇ હું ભાન
શાણા સુખકારી વિજય જાઉં વારી

વયજાતિ વિચારી થઇ હુ તો તમારી.
મારૂ ચોર્યું મન મધુર મિલન નિરખુ' નયન
આનદનો દિન—
વારણુ ગતિ મુખ કમલ નયન મૃગ
રગ અનગનો રેલે હા-હા રે રગ રેલે
વળિ વેણો રસાળા મગ્માળા
નૂપ માળા તમચાળા ગઢિયાળા
હા... ....

લ પટરાય—   ૧૪

હ'ફાવુ હામથી બાકી ના રાખુ કાઇ—હાં
વાળુ હુ વેરને પ્રસરાવી ઝેરને બસ.
હળવે હળવે થઉ પ્રબળ
જોરથી શોરથી થઇ રાજ્યનો ધણી
કળથી છળથી રિપુના મૂળ કાપુ
લૂચ્ચાઓનુ ઉંચું મો થવા ન આપુ
નમસે રાજવી નક્કી-બની દહન ગહન વ્યાપુ
હરતા ફરતા સમય સાધી સહુ ઉથાપુ.

સરદારણા-દાસીઓ—   ૧૫

જુઓ આવ નરાજિ વસંત વિના
વિલસેના કામિની કથ વિના
સુંદર શશી વિણુ રજની સૂની
વિભુ વિણુ ગલીઓ વૃજની મૂની.
દીપેના હાથી દત વિના—

અધીરાં અતિશય જો નહિ થાશો
પ્રગસેતો ઉરના અભિલાષો
શુભ પમાય ક્યાથી–સતવિના

સરદારબા— ૧૬

રે આવો વ્હાલા શાને તરસાવો છો બાળા
કરમાએ યૌવન મારૂ છબીલા છોગાળા
મનગમતા મોહન મારા અંતર છે વ્યાકુળ પ્યારા
પ્રીતે વરાસવો ધાગ જાયે છે પ્રાણુ અમારા
જલ વિણુ જેમ મીન ઉદાસી તેમજ જાણો આ દાસી
આવો રસિયા રૂપ રાશિ ઓ વહાલા પ્રેમ પ્રવાસી
....અગે અનગજવાળા—

વિજયસિંહ–સરદારબા— ૧૭

છોડો છોડોજી છોડો રંગ રસીયા
દિલ વસીયા ઘટે ના આવુ હા૦
ભાવ બતાવી ભારી પ્રીત જમાવી પ્યારી
છોડી ન જાઉં ઘટે જરૂર હા૦
જોઇ રહી સખીઓ શુ કરો ઘેલાઇ
ચીર મહારા ચોળાય કુમાર

પ્રેમસિંહ–વિજયસિંહ— ૧૮

માનુ ઉપકારે હું તો શ્રી હરિના
પતિ તમ જેવા મ્હારી કુવરીના
શાણાને શૂરા પ્રિયકર પૂરા.

હરખે નિહાળી લોકો નગરીના
પ્રભૂ કૃપાથી આપના જેવા
નેહી મળ્યા છે મીઠી નજરના

વિમળસિંહ— ૧૯

મ્હોટાઇમા માલ નથી-ઘડિ એક ન શાન્તિ
ચાકર પોસે રાજ્યને ફાલે ચડે ચકડોળે
મનડુ બારે માસ .....
વૈભવો સકલ મને વિષ શમ લાગે
સુખે દેના ભરવા એ શ્વાસ—

અંક ૨ જો સમાપ્ત.

અંક ૩ જો.

દાસીઓ— ૨૦

કુંવરી બાના લગ્ન થવાના ઉત્તમ વાના આજે છે
માત પિતાના આ મન માન્યા વરવરવાના આજે છે
મંગલ ગાણા મંગલ લ્હાણા મંગલટાણા આજે છે
ધન્ય ઘડી ધન્ય પલ રહો બસ અવિચલ
મનોરથ હો સફલ પ્રસરાઓ પરિમલ
હા સદા મુદ ભર પ્રીય કર વિભુ વર
ભયહર નિજકર ધરે સહુ શિરપર
વિજયી વિમલ ધર શુભ અવસર પર
શ્રી નાયક હો ગણના સુખકર

સર્વ— ૨૧

સકળ સફળ થઇ આશ ઉરની
અજર અમર જોડી માહીપ સુકુરની
રંગમાં રહો જયલક્ષ્મી જામો
મહા ઉદાર અહો—
મંગલ મેહ નૃપને ગેહ વરસ્યો
વાહરે વાહ આનંદકારી આ
કેવા સારા કુમાર છે કુમારી પણ કેવા આહા.
જીવો દૈવી જાણે મીઠી મોજ માણે
ચઢી પ્રેમ વહાણે ખરી રસ ખાણે
ખેલનાર ખેલનાર નિહાળીને નયન ઠરે

સખીઓ— ૨૨

સૂર્ય ઉગ્યો સચ્ચાઇનો ધીરે ધીરે હા૦
સર્વ ન્હાયા સુધાને શુભ નીરે નીરે હા૦
મળ્યા મુદભર આ વ્હાલાઓ ધીરે ધીરે હા૦
વિકસીને વિલસતી રાજ વાટીકા
સૃષ્ટિમા પ્રસારતી–સુવાસ ખાસ ધીરે ધીરે
પ્રેમ મૂર્ત્તિ યુવરાજ પધાર્યા હા . ...
વ્હાલે લાવી વધૂ નૂર વધાર્યા
અરપ્યો સરસ હૃદયે હરષ
બલવીરે વારે વારે વારી જઇએ રસિયા ઉપર હા૦... ..
દયામયાશય હા...દીએ પ્રભુ જય.

સરદારબા-સખીઓ— ૨૩

સજની સ્નેહ સમર્પીને ગાજે પતિ ગુણ ગાન
પ્રેમે પ્રિયતમને મળી સીંચવજે રસપાન
શુદ્ધ મનથી પ્રિયતમને તન અર્પી
નિશદિન સેવા કરજે
રસિયાને રસબસ કરવા મીઠા મનના મેવા ધરજે
પ્રેમ પુષ્પની માળ પહેરાવી હુ પ્રીતે પધરાઉ
પ્રેમ હિંડોળા ખાટે ઝુલાવી મનમા હુ હરખાઉં

વિમળસિંહ— ૨૪

વૈભવો મહા ઉપાધિવાળા
હું તજું આજે તમામ આ
રાજ્ય મળ્યુ પણ દાજ સર્યુના

વ્યુથવા અપાર વ્યર્થ ચાળા
જીન્દગી આખી કટાળ્યો જોઈ
કારભારીઓના કૃત્ય કાળા
ગ્રહુ એકાન્તે કાન્ત રમાના
મુક્ત થાઉં ફેરવીને માળા

વિજયસિંહ-સરફારમા— ૨૫

મળે સુખ સ્વર્ગના જેવા હૃદયની એકતા થાતા
સદા પાડોશકે પથે શુભાશુભ પ્રાણી પરખાતા
રસિક રાજ હંસ આપ માનસરના વાસી.
સુજાણુ દર્શનની પ્યાસી હું છુ અદના દાસી
મળે ઘર એહા ગંગ કોણુ જાએ કાશી
ગઈ આતુરતા અંતરની કયાએ ત્રાશી
માનુ જીવનની જ્યોતિ આજ પ્રકટી પ્રીતે
રાજ્ય મન્દિર દીપાવ્યુ આપે રૂડી રીતે
આપી આલિંગન રેલો રંગ રસના રાશિ.

છબીલી— ૨૬

જુઓ કેવી ફૂલ વાડી આ ખીલી,
લુટો લ્હેરી રસબસ થઈ,
અવયવ કેવા ગુલ જેવા,
મળી જાય કોઈ માળી સ્નેહ વારિ સીંચે
કરમાય ના કદી આ જુવાની,
જેના ફૂલડા મોઘા મૂલડાં,
હા કોઈ લિઓ ફૂલડા—

રામજી-છબીલી— ૨૭

રામ તારી માયામા ન્હાયા જયા છાયા ને તડકાના તા । છે
માતા દયાલ છે મુખડા લાલ છે
સાચુ બોલ્યામાજ માલ છે
ચાલવુ પ્યારી જોઇ વિચારી,
ચૂકતા હવે બુરા હાલ છે

દરબારીઓ— ૨૮

બાધો પુણ્યોની પાજ યુવરાજ,
રહેજો ઉમંગે સુપ્રસગે સ્નેહી સગે સુખી અગે;
રગેરે કરો રાજ,
ભરો કીર્તિના નિધિ ભવા,
કરી જગમા શુભકાજ,
પાલક જનના મોહક મનના,
પ્રેમથી નેમથી ક્ષેમથી કાયમ રહેજો,
દયાળુ મયાળુ ઉમ્મર દરાજ—

અંક ૩ જો સમાપ્ત

ૐ

शान्ति शान्ति शान्ति